# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


## M.Sc. સેમેસ્ટર-૪ તથા M.Ed. સેમેસ્ટર-૪ ઓનલાઈન પરીક્ષા અંગેની માર્ગદર્શક સૂચનાઓ

- જે વિદ્યાર્થી ઓનલાઈન મોડમાં પરીક્ષા આપવા માંગતા હોય તેઓ ઓનલાઈન અને જે વિદ્યાર્થીઓ ઓફલાઈન મોડમાં પરીક્ષા આપવા માંગતા હોય તેઓ ઓફલાઈન પરીક્ષા આપી શકશે. બંને પરીક્ષાનો સમયગાળો ૦૨ કલાક રહેશે અને બંને પરીક્ષાઓ એક જ સમયે લેવાશે.
- વિદ્યાર્થી પરીક્ષામાં બેસવા માટે ફરજીયાત એન્ડ્રોઇડ મોબાઈલ અથવા વેબકેમ ચાલુ હોય તેવા લેપટોપ દ્વારા જ લોગીન થઇ શકશે.
- ઓનલાઈન પરીક્ષા શરુ થવાના ૩૦ મિનીટ પહેલા વિદ્યાર્થીએ લોગીન કરી લેવાનું રહેશે.
- ઓનલાઈન પરીક્ષા અંગેની લીંક પર લોગીન થવા માટે યુઝર આઈ.ડી. અને પાસવર્ડ યુનિવર્સિટી દ્વારા ફાળવવામાં આવશે.
- ઓનલાઈન પરીક્ષા પહેલા મોક પરીક્ષા લેવામાં આવશે જે ફક્ત ટેકનીકલ બાબતોની સમજુતી માટે હશે.
- એક વખત લોગીન થયા બાદ કોઈ પણ સંજોગોમાં સ્ક્રીન લોક અથવા મીનીમાઇઝ થશે નહિ.
- ચાલુ પરીક્ષા દરમિયાન કોઈ પણ સંજોગોમાં વેબકેમ બંધ કરવાની કોશિશ થઇ શકશે નહિ અન્યથા જો પરીક્ષા અંગેનું સોફ્ટવેર બંધ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની અંગત રહેશે.
- ઓનલાઈન પરીક્ષા અંગેનો માર્ગદર્શક વિડીઓ અને અન્ય સૂચનાઓ યુનિવર્સિટી વેબસાઇટ પર મુકાશે.
- પરીક્ષા દરમિયાન પ્રશ્નપત્રમાં કુલ એક માર્કસના ૧૦૦ અથવા બે માર્ક્સના ૫૦ પ્રશ્નો હશે જેમાંથી વિદ્યાર્થીએ ૧૦૦ પ્રશ્નોમાંથી કોઈ પણ ૭૦ અથવા ૫૦ પ્રશ્નોમાંથી ૩૫ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. જો વિદ્યાર્થી દ્વારા ૧૦૦ પ્રશ્નોમાંથી ૭૦ અથવા ૫૦ પ્રશ્નોમાંથી ૩૫ કરતા વધુ પ્રશ્નોના સાચા જવાબ આપવામાં આવશે તો પણ ૧૦૦ પ્રશ્નોમાંથી ૭૦ અથવા ૫૦ પ્રશ્નોમાંથી ૩૫ પ્રશ્નો જ માન્ય રાખવામાં આવશે.

- ચાલુ પરીક્ષા દરમિયાન કોઈ ટેકનીકલ ફોલ્ટ જેમ કે, લાઈટ જવી, બેટરી ડીસ્ચાર્જ થઇ જવી અથવા ઇન્ટરનેટ કનેક્ટીવીટી જતી રહેવી વગેરે જેવી બાબતો માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહિ અને જો ઉપરોક્ત કારણોસર વિદ્યાર્થી પરીક્ષા આપી ન શકે તેવા સંજોગોમાં જ્યારે લેખિત પરીક્ષા થાય ત્યારે ફરીથી પરીક્ષા આપી શકશે અને તે પરીક્ષા ટ્રાઈલ તરીકે ગણવામાં આવશે નહિ.
- જો કોઈ વિદ્યાર્થી પરીક્ષા આપવા ન માંગતો હોય અથવા પરીક્ષા આપી શકે તેવી પરિસ્થિતિમાં ન હોય તેવા વિદ્યાર્થી જ્યારે લેખિત પરીક્ષા થાય ત્યારે આપી શકશે અને તે પરીક્ષા ટ્રાઈલ તરીકે ગણવામાં આવશે નહિ.
- ઓનલાઈન પરીક્ષા દરમિયાન કોઈ પણ વિદ્યાર્થી ચોરી કરતા કે પરીક્ષાની આચારસંહિતા ભંગ થાત તેવું કૃત્ય કરશે તો તેના વિરુદ્ધ આ યુનિવર્સિટીનાં UFM અંગેના નક્કી થયેલા ઓફલાઈન લેખિત પરીક્ષાના તમામ નિયમો લાગુ પડશે અને વિદ્યાર્થીનું પરિણામ અનામત રાખવામાં આવશે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા